# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

Web Site:www.suratdeo.org
E-mail: suratdeo@gmail.com
Phone No.0261-2662903
Fax No.0261-2662902

જિલ્લાશિક્ષણાધિકારીકચેરી,
એ/૩, જિલ્લાસેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત

જા.નં.મા-૧/૨૦૨૧/3182

તા.16/03/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા તમામ,
સુરત શહેર અને જિલ્લો.

**વિષય:** "આઝાદી કા અમૃત મહોત્સવ" અન્વયે વિવિધ કાર્યક્રમોની ઉજવણી બાબત.
**સંદર્ભ:** સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા અભિયાન અને નિયામક શાળાઓની કચેરી નિયામક પ્રાથમિક શિક્ષણ,તેમજ નિયામક જીસીઈઆરટી, ગાંધીનગરના સયુંકત પત્ર ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/૬૭૦૮-૬૭૯૬ તા.૧૦/03/૨૦૨૧

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી અર્થે "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવા નક્કી કરવામાં આવેલ છે. આ ઉજવણીનાં કાર્યક્રમનાં ભાગરૂપે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તા. ૧૨ માર્ચ ૨૦૨૧ નાં રોજ "દાંડીમાર્ચ" કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ છે.

આ "આઝાદી કા અમૃત મહોત્સવ" ઉજવણી કાર્યક્રમને ધ્યાને લઇ દેશભરમા વિવિધ કાર્યક્રમો ,પ્રવતિઓ અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. જે ધ્યાને લઈ વિધાર્થીઓમા આ અંગે જાગૃતતા લાવવા અને પોતાના દેશના આઝાદીનાં ૭૫ વર્ષ અન્વયે શાળા, તાલુકા અને જિલ્લા કક્ષાએ નીચે જણાવ્યા મુજબની પ્રવુતિઓ યોજવા અંગે જરૂરી આયોજન કરવા જણાવવામા આવે છે

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને માટે સાયકલ રેલીનું આયોજન કરવાનું રહશે.

| | |
|---|---|
| **કોન્ફરન્સ/સેમિનાર/ટોક/વેબિનાર અને પ્રેઝન્ટેશન માટે વિષય**<br>• આઝાદી અને સુશાશન<br>• ભારતની સ્વતંત્ર્યોત્તર સિદ્ધિઓ<br>• દાંડી કુચ-એક અમરયાત્રા | આ વિષયો પૈકી કોઈ એક વિષય |
| **નિબંધ કે રચનાત્મક લેખન સ્પર્ધા વિષય**<br>• મારા પ્રિય સ્વાતંત્ર્યસેનાની<br>• સ્વાતંત્ર્ય દ્રઢ કરવામાં મારું યોગદાન<br>• આઝાદી બાદની ભારતની સિદ્ધિઓ<br>• સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાત અને ગુજરાતીઓ<br>• લોકશાહીની સાચી સંકલ્પના | આ વિષયો પૈકી કોઈ એક વિષય |

જે અન્વયે જિલ્લાકક્ષાએ થયેલ કામગીરીનો પ્રચાર પ્રસાર સોશ્યલ મીડિયા મારફતે નીચે આપેલ વેબલીકનાં માધ્યમથી કરવાનો રહશે.

Twitter-@EduMinOfindia,

Facebook-EduMinOfindia

Instagram-EduMinOfindia

ઉપરોક્ત બાબત ધ્યાને લઈ સ્થાનિક શાળા, સમય અને પરીસ્થિતિ મુજબ વિદ્યાર્થીઓને "આઝાદી કા અમૃત મહોત્સવ" ઉજવણી અંગેનાં કાર્યક્રમમાં સહભાગી બનાવી કાર્યક્રમને સફળ બનાવવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.-સુરત